ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૧૦મા ગણિત વિષયમાં બે પ્રકારના પ્રશ્નપત્રોના વિકલ્પ આપવા અંગે.

ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ.
સુધારા ઠરાવ ક્રમાંકઃમશબ/૧૧૧૯/૮૫૭/છ.
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૦૨/૧૨/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૪/૦૭/૨૦૨૧નો સમાન ક્રમાકનો ઠરાવ.

(૨) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૨૪/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૬૩૨-૩૩.

સુધારા ઠ રા વ-

શિક્ષણ વિભાગના વચાણે લીધેલ ક્રમાક (૧) સામેના તા.૧૪/૦૭/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ધોરણ-૧૦ની જાહેર પરીક્ષાઓમાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાનું શરતોને આધિન ઠરાવેલ છે. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધેલ ક્રમાક (૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૧ના પત્રથી શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૧૪/૦૭/૨૦૨૧ના ઠરાવની શરત નંબર (૬) અને (૭) માં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ધોરણ-૧૦ની જાહેર પરીક્ષાઓમાં ગણિત વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત અને બેઝિક ગણિત એમ બે પ્રકારના વિકલ્પ આપવાની શરત નંબર (૬) અને (૭)માં હાલની કરવામાં આવેલી જોગવાઇને બદલે નીચે મુજબની સુધારેલ જોગવાઇ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|
| (૬) જે વિદ્યાર્થી ધોરણ-૧૦ માં ગણિત બેઝિક રાખશે તે ધોરણ-૧૧ માં વિજ્ઞાન | જે વિદ્યાર્થી ધોરણ-૧૦ માં ગણિત બેઝિક રાખશે તે ધોરણ-૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં |

| | |
|---|---|
| પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે નહિં. | "B" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે પરંતુ "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે નહિં. |
| (છ) ધોરણ-૧૦માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં જવા માંગતો હોય તો જુલાઇ માસની પૂરક પરીક્ષા દરમ્યાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે. | ધોરણ-૧૦માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઇ માસની પૂરક પરીક્ષા દરમ્યાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" પ્રવેશ મેળવી શકશે. |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( બી.એસ.પટેલ )
સેક્શન અધિકારી.
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧-શાખા, ગ-૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના. સે. અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 7210-ૡ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.02/12/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

ઉક્ત ઠરાવની વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂં મોકલી આપશો.

જા.નં. આર/૨૦૨૧/16006

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત. જિ. સુરત
તા. 6/12/21

પ્રતિ,

આચાર્યશ્રી

તમામ મા.ઉ.મા. શાળાઓ

સુરત. જિ. સુરત

જાણ સારુ.

સ.ઇ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત